# ૧ જૂન -૨૦૧૬ (બુધવાર)

**(૧) ૨૦૧૫-૧૬ GDP ગ્રોથરેટ**

- નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ના ચોથા ત્રિમાસિક ગાળામાં જીડીપી ૭.૯ રહ્યો હતો.
- સમગ્ર નાણાંકીય વર્ષ દરમિયાન જીડીપી ૭.૬ ટકા રહ્યો છે.

**(૨) ભીમસિંહ બસ્સી :**

- પૂર્વ શહેર પોલીસ કમિશનર ભીમસિંહ બસ્સીને યુપીએસસીના સભ્ય તરીકે નિયુક્ત કરાયા છે.
- બસ્સી ઓગસ્ટ ૨૦૧૩થી ફેબ્રુઆરી ૨૦૧૬ સુધી દિલ્હીના પોલીસ કમિશનર પદે હતા.

**(૩) સુનીલ લાંબા :**

- ભારતીય નૌસેના નવા એડમિરલ સુનિલ લાંબા આજથી તેમનો કાર્યભાર સંભાળશે.
- તેઓ એડમીરલ આર.કે. ધવનનું સ્થાન લેશે.

**(૪) આજથી કૃષિ કલ્યાણ સેસ લાગુ :**

- આજ ૧ જૂનથી ૦.૫ ટકા કૃષિ કલ્યાણ સેસ લાગુ થશે.
- હવેથી ૧૫ ટકા સર્વિસ ટેક્સ ચૂકવવો પડશે.

**(૫) મહારાષ્ટ્રના, પુલગામ ખાતે દેશના સૌથી મોટા શસ્ત્રાગારમાં આગ :**

- મહારાષ્ટ્રના પુલગામ ખાતે આર્મિના શસ્ત્રાગારમાં આગ લાગી હતી. જેમાં ૧૬ જવાનોનું અવસાન થયું.
- આ શસ્ત્રાગાર ભારતનું સૌથી મોટુ અને એશિયાનો બીજા ક્રમનો સૌથી મોટો શસ્ત્રાગાર છે.
- આ શસ્ત્રાગારમાં બોમ્બ, ગ્રેનેડ, અને તોપગોળાઓ સંગ્રહવામાં આવે છે.
- દેશની વિવિધ ફેક્ટરીઓમાં બનતા વિસ્ફોટકોને અન્ય રાજ્યમાં વિતરીત કરતા પહેલા આ ડેપોમાં સંગ્રહવામાં આવે છે.

**(૬) સત્ય નાદેલા**

- માઇક્રોસોફ્ટના સીઇઓ સત્ય નાદેલા ભારતના પ્રવાસે આવ્યા.
- મૂળ ભારતીય સત્ય નાદેલા સાત મહિનામાં ત્રીજી વખત ભારતની મુલાકાતે આવ્યા

પ્રશ્નો :

(૧) ૨૦૧૫-૧૬ સમગ્ર નાણાકીય વર્ષ દરમિયાન જીડીપી કેટલો રહ્યો ?
- ૭.૬ ટકા

(૨) ૨૦૧૫-૧૬ના ચોથા ત્રિમાસીક ગાળામાં જીડીપી કેટલો રહ્યો ?
- ૭.૯ ટકા

(૩) તાજેતરમાં કોની યુપીએસસીના સભ્યપદે નિયુક્તી કરાઇ ?
- ભીમસિંહ બસ્સી

(૪) ૧ લી જૂનથી ભારતીય નૌસેનાના અધ્યક્ષપદે કોણે કાર્યભાર સંભાળ્યો ?
- સુનીલ લાંબા

(૫) ૧ લી જૂનથી સર્વીસ ટેક્સમાં કયો વધારાનો કર લાગુ થશે ?
- કૃષિ કલ્યાણ સેસ (૦.૫ ટકા)

(૬) માઇક્રોસોફ્ટના સીઇઓ... ?
- સત્ય નાદેલા

(૭) ભારતનો સૌથી મોટો શસ્ત્રાગાર ક્યાં આવેલ છે.
- મહારાષ્ટ્રના પુલગામ ખાતે

વિવેકાનંદ એકેડમી (ગાંધીનગર) મો.૯૯૨૫૬૯૮૭૨૧